१/८
આંક :–

કેસ પ્રાપ્તિ તારીખ :–
કેસ દાખલ તારીખ :–
કેસ નિર્ણિત તારીખ :– ૩૦ / ૦૩ / ૨૦૧૨,
અવધી સમય :– વર્ષ માસ દિવસ.

**જુનાગઢના નામદાર મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (ઓકઝી.) સમક્ષ, મુ. જુનાગઢ.**

**કલેઈમ કેસ નં. ૫૯૨ / ૨૦૦૩.**

રસીકભાઈ વાઘજીભાઈ વઘાસીયા, ઉ. વ. ૪૨, ધર્મે હિન્દુ, )
ધંધો કેમીકલ્સનો વેપાર, રહે. ગીરીરાજ કેમીકલ્સ, ચોકી, )
જી. જુનાગઢ. . . ) **અરજદાર**

**વિ રૂ દ્ધ**

**મોટર સાયકલ નં. જીજે ૩ એલએલ ૮૧૯૩** ના :– )
(૧) માલિક :– )
વૃજલાલ રામજીભાઈ વડાલીયા, )
દેસાઈ વાડી, શામનાથ મંદિર પાસે, જેતપુર, )
(૨) વિમા કંપની :– )
ધ નેશનલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ, )
રામકૃષ્ણનગર, બસ સ્ટેન્ડ પાછળ, જુનાગઢ . . . ) **સામાવાળાઓ**

| |
|---|
| અરજદાર તરફે વિ.વ.શ્રી આર. વી. પારેખ, |
| સામાવાળા નં. ૧, ગેરહાજર, |
| સામાવાળા નં. ૨, તરફે વિ. વ. શ્રી પી. એમ. હિરપરા. |

## – : : ચુ કા દો : : –

(૧) આ કામના અરજદારે મોટર વ્હીકલ એકટની કલમ ૧૬૬ મુજબ સામાવાળાઓ પાસેથી રૂપીયા બે લાખનું વળતર મેળવવા અંગે હાલની અરજી કરેલી છે.

(૨) આ કામની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર પોતાના હવાલાનું મોટર સાયકલ લઈને જતા હતા, ત્યારે સામાવાળા નં. ૧ ના ડ્રાઈવરે તેના હવાલાવાળું વાહન પુરઝડપે, બેફીકરાઈથી તથા મનુષ્યની જીંદગી જોખમાય તે રીતે ચલાવી, અકસ્માત કરતા, અરજદારને ડાબા પગમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ થયેલ.

(૩) અરજદારે વધુમાં જણાવેલ છે કે, અકસ્માત સમયે તેઓની ઉંમર ૪૩ વર્ષની હતી, અને કેમીકલ્સનો વેપાર કરી, માસીક રૂા.૭,૦૦૦/– કમાતા હતા, અને આ અકસ્માતના પરિણામે અરજદારના ડાબા પગમાં ફ્રેકચર થયેલ. સદર ઈજાઓને કારણે અરજદારને ખુબ જ માનસીક તેમજ શારીરીક દુઃખ ત્રાસ તેમજ આઘાત લાગેલ છે. અરજદારને દવા, સારવાર પાછળ પુષ્કળ ખર્ચ થઈ ગયેલ છે, તથા તેમને કાયમ ખોડ રહી ગયેલ છે, તેથી તેઓ જુદા જુદા મથાળા હેઠળ રૂપીયા બે લાખ સામાવાળાઓ પાસેથી ૧૮ % ના વ્યાજ સાથે મેળવવા માટે હાલની અરજી કરેલી છે.

(૪) આ વળતર અરજીની નોટીસ સામાવાળાઓને બજી ગયેલ, સામાવાળા નં. ૨, વિમા કંપનીએ પોતાનો જવાબ આંક ૧૮ થી રજુ કરેલ છે, તેમણે અરજદારની વળતર અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે, અને જણાવેલ છે કે, અરજદારની અરજી કાયદેસરરીતે ચાલવાપાત્ર નથી, તેમણે મોટર સાયકલ નં. જીજે ૩ એલએલ ૮૧૯૩ વાળું વાહન અકસ્માતમાં સંડોવાયેલ છે તે હકીકતનો ઈન્કાર કરેલ છે. સામાવાળા નં. ૨

નાએ સામાવાળા નં. ૧ ના વાહન ચાલકની બેદરકારીથી અકસ્માત થયેલ હોય, અને અરજદારને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલી તે હકીકતોનો સ્પષ્ટરીતે ઈન્કાર કરેલ છે. સામાવાળા નં. ૨ નાએ અરજદારની આવક તથા ઉંમર અંગેની હકીકતોનો પણ ઈન્કાર કરેલો છે. સામાવાળા નં. ૨ નાએ વધુમાં અરજદારને ઈજાઓની સારવાર પાછળ થયેલ ખર્ચ અંગેની હકીકતોનો ઈન્કાર કરેલ છે. સામાવાળા નં. ૨ નાએ વધુમાં જણાવેલ છે કે, સામાવાળા નં. ૧ ના ડ્રાઈવરની કોઈ કસુરના લીધે અકસ્માત થયેલ નથી, તેમજ સામાવાળા નં. ૧, ની માલિકીનું વાહન અકસ્માતમાં સંડોવાયેલ નથી, તેમ છતાં, સામાવાળા નં. ૨, વિમા કંપની પાસેથી ખોટી રીતે વળતર મેળવવાના ઈરાદાથી અરજદારે ખોટી હકીકતો ઉભી કરેલી છે. સામાવાળા નં. ૨, નાએ વધુમાં જણાવેલ છે કે, અરજદારે માગેલ વળતર વધારે પડતું છે. અરજદારની અરજી નામંજુર થવાને પાત્ર છે તેમ જણાવી, અરજી નામંજુર કરવા માટે રજુઆત કરેલી છે.

(૫) બંને પક્ષકારોની હકીકતો લક્ષમાં લેતાં, મારા ન્યાયિક નિર્ણય માટે આંક ૨૦ થી નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

1. Whether the petitioner proves that he sustained injuries in a vehicular accident due to rash and negligent driving of the driver of vehicle involved in the accident ?

2. Whether the petitioner is entitled to get compensation ? If yes, what amount and from whom ?

3. What award ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) નકારાત્મક,

(૩) આખરી હુકમ મુજબ.

**– :: કા ર ણો :: –**

(૭) આ કામના અરજદાર રસીકભાઈ વાઘજીભાઈએ આંક ૨૩ થી પોતાનો મૌખિક પુરાવો આપેલ છે. આ કામના અરજદારે પોતાની અરજીના સમર્થનમાં એફ. આઈ. આર. ની નકલ આંક ૨૮, સ્થાનિક જગ્યાના પંચનામાની નકલ આંક ૨૯, અરજદારના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ આંક ૩૦, અરજદારના ડૉ. વી. આર. વઘાસીયાના ઈજાના તબીબી પ્રમાણપત્રની નકલ આંક ૩૧, અરજદારનું ધોળકીયા ઓર્થોપેડીક હોસ્પિટલ, રાજકોટનું ઈજાનું તબીબી પ્રમાણપત્ર આંક ૩૨, અરજદારનું સને ૨૦૦૨–૦૩ ના ઈન્કમટેક્ષ રીટર્નની નકલ આંક ૩૪, વિપુલભાઈ વશુભાઈના પોલીસ રૂબરૂના નિવેદનની નકલ આંક ૩૫, લાલજીભાઈ નાનજીભાઈના પોલીસ રૂબરૂના નિવેદનની નકલ આંક ૩૬, દિનેશભાઈના પોલીસ રૂબરૂના નિવેદનની નકલ આંક ૩૭, વિનુભાઈના પોલીસ રૂબરૂના નિવેદનની નકલ આંક ૩૮ તથા સામાવાળા નં. ૧ ના ડ્રાઈવરની સામે કરવામાં આવેલ ચાર્જશીટની નકલ આંક ૩૯ થી રજુ કરેલ છે.

**<u>મુદ્દા નં. ૧.</u>**

(૮) અરજદારના વિ. વ. શ્રી આર. વી. પારેખે પોતાની દલીલોમાં જણાવેલ છે કે, આ કામના અરજદારે પોતાની મૌખિક જુબાની અને દસ્તાવેજી

પુરાવાથી પુરવાર કરેલ છે કે, અકસ્માતનો બનાવ સામાવાળા નં. ૧ ના ડ્રાઈવરે પોતાના હવાલાનું મોટર સાયકલ નં. જીજે ૩ એલએલ ૮૧૯૩ પુરઝડપે અને બેદરકારીભરીરીતે ચલાવવાના કારણે થયેલો છે, અને અકસ્માતના પરિણામે અરજદારને ગંભીર ઈજાઓ પહોંચેલ છે, તેથી અરજદાર સામાવાળાઓ કે જે અકસ્માતવાળા મોટર સાયકલના માલિક અને વિમા કંપની છે, તેમની પાસેથી વળતર મેળવવા માટે હકકદાર છે. અરજદારના વિ. વ. શ્રીએ આંક ૨૩ થી અરજદારની જુબાની તથા આંક ૨૮ ની એફ. આઈ. આર., આંક ૨૯ નું પંચનામું તથા આંક ૩૯ ના ચાર્જશીટ તરફ મારૂ ધ્યાન દોરેલ છે. સામાવાળાના વિ. વ. શ્રી પી. એમ. હિરપરાએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર સામાવાળા નં. ૧ નું મોટર સાયકલ નં. જીજે ૩ એલએલ ૮૧૯૩ અકસ્માતમાં સંડોવાયેલ તેવું પુરવાર કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલા છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર અકસ્માત સમયે પોતે પોતાનું મોટર સાયકલ ચલાવીને જતા હતા, અને મોટર સાયકલ સ્લીપ થઈ જતા, તેઓ પડી ગયેલા, અને તેઓને ઈજા થયેલી છે, અને તેમણે સામાવાળા નં. ૧ ના મેળાપીપણામાં ખોટી કલેઈમ અરજી દાખલ કરેલ છે, જે રદ થવાને પાત્ર છે. તેઓએ પણ અરજદારની મૌખિક જુબાની તથા અરજદારના દસ્તાવેજી પુરાવા પર ધ્યાન રાખેલ છે, અને જણાવેલ છે કે, સદર પુરાવો જોઈએ તો પણ અરજદારનો કેસ સાબિત થતો નથી, તેમણે સદર કલેઈમ અરજી રદ કરવા માટે રજુઆત કરેલી છે.

(૯) બંને પક્ષકારોના વિ. ધારાશાસ્ત્રીશ્રીઓની દલીલો લક્ષમાં લેતાં, અને રેકર્ડમાં રહેલ પુરાવો જોતાં, આ કામના સામાવાળાના વિ. વ. શ્રી પી. એમ. હિરપરાની દલીલ સ્વીકારવામાં આવે છે. અરજદારની દલીલો માની શકાય તેમ નથી. આ કામના અરજદારે પોતાની આંક ૨૩ ની સરતપાસમાં જણાવેલ છે કે, ''તા.૧૩/૦૧/૨૦૦૩ નારોજ હું મારૂ એલ એમ એલ મોટર સાયકલ ચલાવીને ચોકીથી જેતપુર મારા ઘરે જતો હતો, ત્યારે સાંજના ૮:૦૦ વાગ્યાની આસપાસ, જુનાગઢ–જેતપુર રોડ પર ગંગોત્રી શોપીંગ સેન્ટર પાસે રોડ ઉપર પહોંચેલ, ત્યારે આ કામના સામાવાળા નં. ૧ મો. સા નં.

જીજે ૩ એલ એલ ૮૧૯૩ ના વાહન ચાલકે પોતાના હવાલાવાળું મોટર સાયકલ પુરઝડપે, બેફીકરાઈથી તથા મનુષ્યની જીંદગી જોખમાય તે રીતે લાપરવાહીથી ચલાવીને મને મારા મોટર સાયકલ સહિત હડફેટે લઈ, અકસ્માત કરેલ, અને અકસ્માતમાં મારા પગમાં ગંભીર ઈજા થવાને કારણે મારા ડાબા પગમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજા થયેલ. આમ, સદરહું અકસ્માત સામાવાળા નં. ૧ ના મોટર સાયકલના વાહન ચાલકની સંપુર્ણ બેદરકારી અને લાપરવાહને કારણે બનેલ છે. જે અંગે સદર મોટર સાયકલના વાહન ચાલક વિરૂધ્ધ જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ગુ. ર. નં. ફર્સ્ટ ૧૮/૨૦૦૩ થી ગુનો નોંધાયેલ, અને પોલીસે તપાસ કરી, તપાસને અંતે તેના વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે". અરજદારની ઉલટ તપાસ જોઈએ તો, સરતપાસની હકીકતો માની શકાય તેમ નથી. અરજદારે પોતાની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, "હાલ મારી ઉમર બાવન વરસની છે. બનાવની ફરિયાદ મારા ભાઈ દિનેશભાઈએ કરેલી, ડાં. વી. આર. વઘાસીયાને ત્યાં પોલીસ મારી પુછપરછ કરવા આવેલી. મે પોલીસને જવાબ લખાવેલો. પોલીસ બનાવના ત્રીજે દિવસે હોસ્પીટલ પર આવેલી. બનાવના ત્રીજા દિવસે મોટર સાયકલનો ડ્રાઈવર કોણ હતો તેની મને ખબર ન હતી, તથા અકસ્માતવાળી મોટર સાયકલનો નંબર શુ હતો તેની પણ મને ખબર ન હતી. બનાવ પછી હું તેર કે ચૌદ દિવસ હોસ્પિટલમાં રહેલો, હું ઘરે આવ્યા બાદ જે મોટર સાયકલથી અકસ્માત થયેલો તેના નંબર તથા ડ્રાઈવરની હકીકતની ખબર પડેલી. મને સદર હકીકતની જાણ મારા ભાઈ દિનેશભાઈએ કરેલી. બનાવ બન્યો ત્યારે દિનેશભાઈ ઘરે હતા. અમે બંને ભાઈઓ એક સાથે રહીએ છીએ. અકસ્માત થયો ત્યારે આજુબાજુ માણસો ભેગા થયેલા, તેઓ મને હોસ્પિટલ લઈ ગયેલા, સદર માણસો પૈકી ઘરે કોઈએ ખબર આપેલી તેથી દિનેશભાઈસીધા બનાવના સ્થળે આવેલા.મને બનાવના બીજાદિવસે હોસ્પીટલ પર મળેલા. દિનેશભાઈ મને હોસ્પીટલમાં દાખલ કરેલ તેના બીજા દિવસ હોસ્પિટલ પર આવેલા,દિનેશભાઈ બનાવના દિવસે હોસ્પીટલ પર આવેલા નહી. એ વાત સાચી નથી કે,બીજા દિવસે મોટર સાયકલનો ડ્રાઈવર કોણ હતો તેના નંબર શુ હતા તેની દિનેશભાઈને ખબર નહતી. સાહેદ જણાવે છે કે,

દિનેશભાઈને ખબર હતી, પણ મને જણાવેલ નહી. અકસ્માત થયા પછી દિનેશભાઈ તરત મને મળ્યા હોય તેવુ બનેલ નથી. મોટરસાયકલના ડ્રાઈવર અને તેના નંબરની વિગતો આજુબાજુવાળા ઓએ આપેલ. દિનેશભાઈએ મોટર સાયકલનો નંબર પોલીસને આપેલ નહી. મારી જેતપુર કોર્ટમાં જુબાની થયેલ નથી. અકસ્માત વાળી મોટર સાયકલનો ડ્રાઈવર કોણ હતો તેની મને હજુ સુધી ખબર નથી. મોટર સાયકલના નંબરની મને ચૌદ– પંદર દિવસે ખબર પડેલી. હું જેતપુર મુકામે જુનાગઢ રોડ પર રહુ છું. મે મોટર સાયકલના ડ્રાઈવરને જોયો ન હતો. મોટર સાયકલના માલીક કોણ હતા તેની મને ખબર નથી. અત્યારે પણ મોટર સાયકલના ડ્રાઈવર માલીક કોણ છે તેની ખબર નથી. મોટર સાટકલનો નંબર મને ખબર છે. વૃજલાલ રામજીભાઈ વડાલીયાને હું ઓળખતો નથી''. આ સાહેદે વધુમાં કબુલ કરેલ છે કે, પોલીસે કોની સામે ચાર્જશીટ કરેલ છે તે પણ તેમને ખબર નથી. આમ, અરજદારની ઉલટ તપાસ જોતાં, જણાય છે કે, બનાવ કયા નંબરના મોટર સાયકલથી થયો કે સદર મોટર સાયકલના ડ્રાઈવર કોણ હતા તેની તેમને કોઈ જ ખબર નથી. વળી, તેઓ જણાવે છે કે, દિનેશભાઈએ પોતાને મોટર સાયકલના ડ્રાઈવર અને મોટર સાયકલના નંબર અંગે જણાવેલું. આમ, આ સાહેદને પોતાને કોઈ જ ખબર હોય તેવું લાગતું નથી. વળી, તેમણે દિનેશભાઈને બનાવની જાણ હતી તેવું કહેલ છે, પરંતુ તેમણે દિનેશભાઈને પણ તપાસેલા નથી. વળી, આ અકસ્માતનો બનાવ નજરે જોયેલ હોય તેવા કોઈ સાહેદને કોર્ટ રૂબરૂ રજુ કરેલ નથી. આ કામમાં ફરિયાદ જોઈએ તો તે બે દિવસ બાદ આપવામાં આવેલ છે. ફરિયાદમાં અરજદારે જણાવેલ છે કે, એક અજાણ્યા મોટર સાયકલના ચાલકે મને સામેથી હડફેટે લઈ, પછાડી દીધેલ, અને મને મારા ડાબા પગમાં ઈજા કરી, નાસી ગયેલ, મને ત્યાં આવેલ દુકાનોવાળાઓએ ઉભો કરેલ. આમ, અકસ્માત કયા વાહનથી થયો તેવું ફરિયાદમાં પણ દર્શાવવામાં આવેલ નથી, તથા આજરોજ પણ અરજદાર સ્પષ્ટ રીતે અકસ્માત કરનાર વાહનનો નંબર કે ડ્રાઈવરનું નામ કે તે અંગેની વિગતો આપી શકતા નથી. આમ, આ કામના અરજદાર મોટર સાયકલ નં. જીજે ૩ એલએલ ૮૧૯૩ વાળું વાહન અકસ્માતમાં સંડોવાયેલ છે તેવું સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલા છે. આમ, સામાવાળા નં. ૧ ના

વાહનની સંડોવણી અકસ્માતના બનાવમાં પુરવાર થતી નથી, તે સંજોગોમાં સદર વાહનના માલિક અને વિમા કંપની તરીકે સામાવાળા નં. ૧ અને ૨ ના કોઈ વળતરની રકમ ચુકવવા માટે જવાબદાર નથી, તેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં. ૨.**

(૧૦) મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે, તે સંજોગોમાં અરજદાર સામાવાળાઓ પાસેથી વળતરની કોઈ જ રકમ મેળવવા માટે હકકદાર નથી તેવું ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં. ૩.**

(૧૧) ઉપરોકત મુદ્દા નં. ૧ અને ૨ ના તારણ લક્ષમાં લેતાં, ન્યાયના હિતમાં મુદ્દા નં. ૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–::આખરી હુકમ::–**

(૧) અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ત્રીસમી માહે માર્ચ સને ૨૦૧૨ નારોજ ખુલ્લી ટ્રીબ્યુનલ અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહિ કરી, જાહેર કર્યો.

જુનાગઢ.

તારીખ :– ૩૦/૦૩/૨૦૧૨.

( વી. સી. બારોટ )
કલેઈમ ટ્રીબ્યુનલ (ઓકઝી.)
**જુનાગઢ.**